EDII

**Sandesh**

**July 16, 2024**
**Page No. 1**
**Supp.: City Life**

# EDIIએ ૨૫ દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપી પગભર કર્યા

**૧૨ દિવસીય તાલીમ શિબિરમાં સરકારી યોજનાઓ વિશે પણ માહિતી અપાઈ**

સિટી લાઈફ । ઉદ્યોગસાહસિકો વિકસાવી રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસમાં આગવું પ્રદાન કરતી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) અને એસ.બી.આઈ. ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોના ધંધાના વિકાસ માટેનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. ૧૨ દિવસીય તાલીમ કાર્યક્રમમાં કુલ ૨૫ દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકોએ તાલીમ મેળવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં સરકારની અને બેંકની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ પોતાના ધંધાનો વિકાસ તથા ઓનલાઈન અને બજારની વ્યૂહરચના અંગે પણ માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ અમિત દ્વિવેદી, પ્રોજેક્ટ ડાયરેક્ટર, ઈ.ડી.આઈ.આઈ. અને પ્રિયંકા પટેલ, પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, ઈ.ડી.આઈ.આઈ. દ્વારા કરવામાં આવ્યું હતું.

